દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
૧૬૩ વર્ષ
શુક્રવાર ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬

# અમેરિકામાં સ્થાયી થવાનું હવે વધુ ને વધુ મુશ્કેલ બની રહ્યું છે

અમેરિકી પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પની બીજી ટર્મ ઇમિગ્રન્ટો માટે વધુ ને વધુ કઠણ પુરવાર થઇ રહી છે. અમેરિકામાં વિદેશોમાંથી આવતાં લોકોનો પ્રવાહ ઓછો કરવા અને અમેરિકામાં વસતાં ઇમિગ્રન્ટોને બહાર કાઢવા માટે ટ્રમ્પ પ્રશાસન અનેક પગલાંઓ ભરી રહ્યું છે. હાલમાં એક વૈશ્વિક સમાચાર સંસ્થા દ્વારા પ્રાપ્ત કરાયેલા સ્ટેટ ડિપાર્ટમેન્ટના દસ્તાવેજો અને બે અનામી અમેરિકી અધિકારીઓએ આપેલી માહિતી અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્ર યુનાઇટેડ સ્ટેટ્સમાં આશ્રય માટે અરજી કરી ચૂકેલા અથવા હાલમાં આશ્રય મેળવવા માગતા ૨,૦૦૦,૦૦ સુધીનાં વિદેશીઓના બિઝનેસ અને ટૂરિઝમ વિઝા રદ કરવાની તૈયારી કરી રહ્યું છે. જો આ નિર્ણયનો અમલ કરવામાં આવશે, તો તે અમેરિકાના ઇતિહાસમાં એક સાથે વિઝા રદ કરવાનો સૌથી મોટો કિસ્સો બનશે અને તેને કાનૂની પડકારોનો સામનો કરવો પડી શકે છે. જો આ યોજનાને કોઈ કાનૂની પડકાર આપવામાં ન આવે અથવા તેમાં સુધારો કરવાની ફરજ ન પડે તો અમેરિકી વિદેશ વિભાગ આગામી અઠવાડિયામાં ૨૦૧૬ થી ૨૦૨૬ વચ્ચે આશ્રય માગનારા અથવા હાલમાં આશ્રય મેળવી રહેલાં લોકોને જારી કરાયેલા B1 અને B2 વિઝા રદ કરવાની જાહેરાત કરે તેવી શક્યતા છે. આ પગલું ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી(DHS)ના સમન્વયથી લેવામાં આવી રહ્યું છે. વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે, “અમે એવાં વિદેશીઓનાં નોન-ઇમિગ્રન્ટ વિઝા ઓળખીને રદ કરવા માટે DHS સાથે સંકલન કરી રહ્યાં છીએ, જેઓ ટૂંકા ગાળાના મુલાકાતી તરીકે અમેરિકા આવ્યા હતા પરંતુ અહીં કાયમી ધોરણે રહેવા માટે આશ્રયની અરજી કરે છે. તેમણે કેટલા વિઝા રદ થઈ શકે છે તે અંગે ટિપ્પણી કરવાનો ઇનકાર કરતાં કહ્યું હતું કે, આ પ્રક્રિયા સતત ચાલનારી હોવાથી, રદ થનારા વિઝાની સંખ્યા પરિવર્તનશીલ રહેશે અને તબક્કાવાર રીતે કરવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે વિઝા રદ થવાનો અર્થ એ નથી કે તેઓની તરત જ હકાલપટ્ટી કરવામાં આવશે. આશ્રય માટેના પેન્ડિંગ કેસ ધરાવતા મોટા ભાગનાં લોકોને ફરીથી વર્ગીકૃત કરવામાં આવશે, પરંતુ તેઓ બિઝનેસ અથવા ટૂરિઝમ પ્રવાસી તરીકેનો પોતાનો દરજ્જો ગુમાવશે.

બિઝનેસ કે પર્યટન વિઝા પર અમેરિકા જઇને પછી ત્યાં રાજ્યાશ્રય માગીને સ્થાયી થઇ જવાનું હવે લગભગ અશક્ય બની જશે. આ તો ચાલાકીઓ વડે અમેરિકામાં સ્થાયી થવાની વાત થઇ. પરંતુ કાયદેસર રીતે પણ અમેરિકામાં જઇને ત્યાં સ્થાયી થવાનું મુશ્કેલ બની રહ્યું છે. એચવનબી વિઝાની ફી ખૂબ વધારી દેવાની એક દરખાસ્ત છે. આ વિઝા પર અનેક લોકો, જેમાં ભારતીયોનું મોટું પ્રમાણ છે તેઓ અમેરિકા કામ કરવા જાય છે અને લાંબો સમય ત્યાં રહ્યા બાદ ગ્રીન કાર્ડ મેળવીને સ્થાયી થવાનો પ્રયાસ કરે છે પરંતુ હવે આ ખૂબ જ મુશ્કેલ બની શકે છે. પ્રમુખ ટ્રમ્પે ગયા વર્ષે તેમની બીજી મુદત માટે પદ સંભાળ્યું ત્યારથી, તેમના વહીવટીતંત્રે વિઝા અરજદારો પરનાં નિયંત્રણો સતત કડક કર્યાં છે. આ પગલાંમાં સોશ્યલ મીડિયા હિસ્ટ્રી વિશે વધુ વિગતો માંગવી, વિઝા પ્રોસેસિંગ માટે મોંઘા બોન્ડ્સ મૂકવા અને ચોક્કસ દેશોના નાગરિકોને વિઝા આપવા પર પ્રતિબંધ મૂકવાનો સમાવેશ થાય છે. B1 વિઝા સામાન્ય રીતે વ્યાપારી હેતુ માટે જારી કરવામાં આવે છે, જ્યારે B2 વિઝા સામાન્ય રીતે પ્રવાસન, પારિવારિક મુલાકાતો અથવા તબીબી સંભાળ માટે જારી કરવામાં આવે છે. B1 અને B2 વિઝાના વર્તમાન અરજદારોને એવી પુષ્ટિ કરવા જણાવવામાં આવે છે કે તેઓ યુનાઇટેડ સ્ટેટ્સમાં આશ્રય માટે અરજી કરશે નહીં અને તેઓ પોતાના દેશમાં પાછા ફરવાનો ઇરાદો ધરાવે છે તે દર્શાવવું પડે છે.

છેલ્લા ૧૮ મહિનામાં, સ્ટેટ ડિપાર્ટમેન્ટે નશામાં ડ્રાઇવિંગ કરવાથી લઈને બળાત્કાર અને લૂંટ જેવા ગુનાઓમાં દોષિત અથવા આરોપી લોકો તેમજ યુએસ નીતિઓ સામે જાહેરમાં વિરોધ કરનારા (ખાસ કરીને મધ્ય પૂર્વના મુદ્દાઓ પર) આશરે ૧,૭૫,૦૦૦ લોકોના વિઝા રદ કર્યા છે. વહીવટીતંત્રે કહેવાતા ‘બર્થ ટૂરિઝમ’ સામે પણ કાર્યવાહી કરી છે, જેનો ઉપયોગ વિદેશી સગર્ભા મહિલાઓ અમેરિકાનો પ્રવાસ બાળકને જન્મ આપવા માટે કરે છે જેથી તેમના બાળકને જન્મસિદ્ધ નાગરિકતાનો લાભ મળી શકે. ટ્રમ્પે જન્મસિદ્ધ નાગરિકતા સમાપ્ત કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા છે, પરંતુ સુપ્રીમ કોર્ટ સહિતની અદાલતોએ તે પ્રયાસોને ફગાવી દીધા છે. આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ H-1B કેપ-સબ્જેક્ટ અરજીઓ માટે અલગથી ૧૦૩,૨૬૫ ડોલરની ફીનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પગલું વિદેશી કુશળ કામદારોને નોકરીએ રાખવાનો ખર્ચ નોંધપાત્ર રીતે વધારી શકે છે. આથી કંપનીઓ આવા વિઝા પર વિદેશોથી લોકોને બોલાવવાનું ઘટાડી શકે છે. ટૂંકમાં, અમેરિકામાં સ્થાયી થવાનું સ્વપ્ન સિધ્ધ કરવાનું હવે વધુ ને વધુ મુશ્કેલ બની રહ્યું છે. ટ્રમ્પની વિદાય પછી પણ કદાચ આ સિલસિલો ચાલુ રહી શકે છે.

## વિચારવાની સાચી દિશા

એક શિષ્ય ગુરુજી પાસે ગયો અને કહ્યું, ‘‘ગુરુજી, મારા મનમાં એક પ્રશ્ન છે જેનું સમાધાન નથી મળતું. આપ આજ્ઞા આપો તો આપને તે પ્રશ્ન પૂછું.’’ગુરુજીએ કહ્યું, ‘‘વત્સ, કયો પ્રશ્ન છે મનમાં પૂછ?’’

શિષ્યે પૂછ્યું, ‘‘ગુરુજી, મેં જોયું છે કે જીવનમાં લગભગ સરખી પરિસ્થિતિ હોય તેમાં અમુક લોકો એકદમ ખુશ રહે છે અને અમુક લોકો એકદમ દુઃખી અને ઉદાસ રહે છે.આવું કેમ?’’



ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

ગુરુજી તેને આશ્રમની સૌથી છેલ્લી કુટીરમાં લઇ ગયા. તેમાં બે નાની બારી હતી. એક બારીમાંથી દૂર સુંદર પહાડ, તે પાછળથી ઊગતો સુરજ અને લીલાંછમ ઝાડ દેખાઈ રહ્યાં હતાં.એટલું સુંદર નયનરમ્ય દ્રશ્ય હતું કે દિલ ખુશ થઇ જાય અને બીજી બારીમાંથી ગટર અને કીચડભરેલો રસ્તો દેખાતો હતો.

ગુરુજીએ તેને બંને બારીની બહાર જોવા કહ્યું અને પછી બોલ્યા, ‘‘જો, આ બંને બારી એક જ કુટિરમાં છે છતાં તેની દિશાઓ જુદી જુદી છે એટલે બહારના દ્રશ્યમાં ઘણું અંતર છે. હવે તું જ મને કહે, તું કઈ બારી પાસે બેસીને બહારનું દૃશ્ય જોવાનું પસંદ કરીશ?’’

શિષ્ય બોલ્યો, ‘‘ગુરુજી, જે બારીમાંથી નયનરમ્ય પ્રકૃતિનું દર્શન થાય છે હું તે જ જોવા ઈચ્છીશ.’’

ગુરુજી બોલ્યા,‘‘બરાબર પસંદ છે તારી. તું જીવનમાં દરેક પરિસ્થિતિમાં સુખી થઈ શકીશ..’’

શિષ્ય બોલ્યો, ‘‘એટલે ગુરુજી..” ગુરુજી બોલ્યા, ‘‘વત્સ, આપણા બધાની જિંદગી પણ આ કુટીર જેવી છે. લગભગ સરખી પણ બારીઓ જુદી જુદી દિશામાં. કઈ બારીમાંથી બહાર જોવું તે આપણે નક્કી કરવાનું છે.જીવનમાં હંમેશા એક સરખી મનને અનુકૂળ આવે તેવી પરિસ્થિતિઓ રહેવાની નથી પણ તેને કઈ રીતે જોવી તે આપણા હાથમાં છે. કોઇ પણ વ્યક્તિ કઈ દિશામાં જોઇને વિચારે છે તેની પર બહુ નિર્ભર છે.

જે સારું અને સાચું જોતાં શીખી જાય છે તેને દરેક મુશ્કેલીમાં પણ અવસર દેખાય છે અને જે સાચી દિશામાં વિચારી શકતો નથી તે મુશ્કેલીમાં દુઃખના ભાર હેઠળ દબાઈ જાય છે. એટલે જીવનમાં પરિસ્થિતિઓ સરખી હોય છતાં માણસની વિચારવાની દિશા પર તેના સુખ અને દુઃખનો આધાર રહેલો છે.જીવનમાં જો માણસ પોતાના વિચારોને સાચી દિશા આપે તો દરેક પરિસ્થિતિમાંથી માર્ગ નીકળે છે.’’ગુરુજીએ સ્પષ્ટ સમજ આપી.

# ના રોજગાર... ના અભ્યાસ... ના તાલીમ: દેશની નીટ સમસ્યા

## કહેવાની વાત

**નેહા શાહ**

**યુવાનો માત્ર નોકરી માગતાં નથી, તેઓ એવી વ્યવસ્થા માગે છે જેમાં મહેનત અને શિક્ષણનો કોઈ અર્થ હોય**

ભારતના ડેમોગ્રાફિક ડિવિડન્ડની વાત આપણે વર્ષોથી સાંભળીએ છીએ. તેની પાછળ એક સીધી ધારણા છે-યુવાનો શિક્ષણ મેળવશે, શિક્ષણ તેમને યોગ્ય કામ માટે તૈયાર કરશે અને કામ તેમને આવક, આત્મનિર્ભરતા અને સામાજિક પ્રગતિ આપશે. પરંતુ હવે આ કડી ક્યાંક તૂટતી જણાય છે. નીતિ આયોગના તાજેતરના અહેવાલ મુજબ, 15થી 29 વર્ષની ઉંમરનાં 8.7 કરોડ યુવાનો એવાં છે, જેઓ ન તો અભ્યાસમાં છે, ન રોજગારમાં અને ન તો કોઈ તાલીમ લઈ રહ્યા છે, જેમને ‘નીટ’Not in Employment Education or Training -NEET, હેઠળ વર્ગીકૃત કરાય છે. ( આ ‘નીટ’ એટલે મેડીકલની પ્રવેશ પરીક્ષા વાલી નીટ નહીં) આ આંકડો ચિંતાજનક છે, કારણ કે આ એવાં યુવાનો છે જેઓ પોતાના જીવનના સૌથી સક્રિય અને ઉત્પાદક વર્ષોમાં નથી શિક્ષણ લઈ રહ્યાં કે નથી રોજગારમાં પ્રવૃત્ત.

આ સમસ્યા આખી પેઢીને નપાવટ ગણીને અવગણી શકાય એમ નથી, કારણ કે સમસ્યાનાં મૂળ માળખાકીય જે કોઈ યુવાન નીટ બને તે પહેલાં જ શરૂ થઈ જાય છે. નીતિ આયોગના જ અહેવાલ મુજબ, કોલેજમાંથી સ્નાતક થયેલાં યુવાનોમાંથી માત્ર 8.25 ટકા જ પોતાની લાયકાતને અનુરૂપ કામમાં છે. અઝીમ પ્રેમજી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસ મુજબ, 15થી 25 વર્ષની વયજૂથનાં લગભગ 40 ટકા યુવાનો બેરોજગાર છે. તેમજ સ્નાતક થયેલાં યુવાનોમાંથી માત્ર આશરે 7 ટકા જ એક વર્ષના સમયગાળામાં કાયમી પગારદાર રોજગાર મેળવી શક્યાં હતાં. એટલે કે મોટી સંખ્યામાં યુવાનો ડિગ્રી તો મેળવે છે, પરંતુ જે પ્રકારનું શિક્ષણ તેમણે મેળવ્યું છે અને જે પ્રકારનું કામ તેઓ કરે છે, તેની વચ્ચે કોઈ ખાસ સંબંધ નથી. અહીં એક ગંભીર પ્રશ્ન ઊભો થાય છે-શિક્ષણ પાછળ અત્યાર સુધી જે સમય અને પૈસા ખર્ચાયા તેનું શું? એ તો ડૂબી ગયા! ત્રણ કે ચાર વર્ષ ડીગ્રી મેળવવામાં ગયા. ફી, પુસ્તકો, મુસાફરી અને અન્ય ખર્ચ થયો. કેટલાંક પરિવારો માટે તો બાળક અભ્યાસ કરે તે દરમિયાન તેની કમાણી પણ ગુમાવવી પડી, પરંતુ ડીગ્રી મળ્યા પછી ખબર પડે કે આ શિક્ષણ રોજગાર બજાર માટે પૂરતું ઉપયોગી નથી. હવે ફરી નવા કૌશલની જરૂર પડશે તેની તાલીમ માટે જુદા પૈસા ખર્ચવાના! સમસ્યા એ નથી કે આ યુવાનો કુશળતા નથી, સમસ્યા એ છે કે તેમને જે શિક્ષણ મળ્યું છે તે તેમને રોજગાર આપતું નથી. એટલે કે, આપણી શાળાઓ અને કોલેજો જે શિક્ષણ અને તાલીમ આપે છે તે ઝડપથી બદલાતા બજાર માટે નિરર્થક બની જાય છે. કૌશલની માંગ અને પુરવઠા વચ્ચેનું અંતર પુરાતું નથી. એક તરફ યોગ્ય તાલીમવાળા કામદારોના અભાવની ફરિયાદ બજારમાંથી ઊઠતી રહે છે તેમ છતાંય બીજી તરફ બેરોજગારીની સમસ્યા પણ વણસતી રહે છે! માંગ-પુરવઠા વચ્ચેના તાલમેળના અભાવનો સૌથી મોટો બોજ આર્થિક-સામાજિક રીતે નબળા વર્ગ પર પડવાનો, કારણકે, માંડ માંડ ચાર પૈસા જોડીને લીધેલા શિક્ષણ પછી પણ નવી તાલીમ પાછળ પૈસા ખર્ચવાની અપેક્ષા તો ઊભી જ રહે! સક્ષમ પરિવાર પોતાના બાળકને બીજી ડીગ્રી કરાવી શકે છે, વ્યાવસાયિક તાલીમ અપાવી શકે, ઈન્ટર્નશીપ કરાવી શકે અથવા મોંઘા સર્ટીફીકેટ કોર્સ કરાવી શકે. પરંતુ ગરીબ પરિવાર માટે એક ડીગ્રી પછી બીજી પૂરક તાલીમ પાછળ ખર્ચ ઉઠાવવો સરળ નથી. નીતિ આયોગ પણ આર્થિક ક્ષમતાને અને વિશ્વાસપાત્ર માહિતીના અભાવને નીટ યુવાનો સામેના સૌથી મોટા અવરોધ ગણે છે. ઉપરથી સૌ માટે સમાન દેખાતી શિક્ષણ વ્યવસ્થાનાં પરિણામો અસમાન છે.

શું આજે ચારે બાજુ યુવાનોમાં જોવા મળતી બેચેની આ જ અસંગતતાનો પડઘો છે? આ સંદર્ભે જો તાજેતરનું કોન્ક્રોચ જનતા પાર્ટીથી શિક્ષણ સુધારા માટે શરૂ થયેલા આંદોલનને માત્ર પરીક્ષા કે ભરતી સંબંધિત અસંતોષ તરીકે જોવો પૂરતો નથી. હજારો યુવાનો તેમાં જોડાયાં અને દેશના વિવિધ ભાગમાં સ્વયંભૂ શાળા અને શિક્ષણ સુધારવાની માંગ ઊઠી, તેનું કારણ કદાચ આ જ છે-શિક્ષણ, પરીક્ષા અને રોજગાર વચ્ચેની વિસંગતિ હવે સપાટી પર આવી ગઈ છે. શાળાપ્રવેશ માત્રથી જીવન સુધરી જવાનું વચન હવે વિશ્વસનીય લાગતું નથી. યુવાનો માત્ર નોકરી માગતાં નથી, તેઓ એવી વ્યવસ્થા માગે છે જેમાં મહેનત અને શિક્ષણનો કોઈ અર્થ હોય. જો 8.7 કરોડ યુવાનો NEET શ્રેણીમાં હોય તો ‘વિકસિત ભારત’ના આદર્શ માટે પણ જોખમી છે.

જીવનનાં જે વર્ષોમાં યુવાનોએ શીખવું, કામ કરવું, અનુભવ મેળવવો, પ્રયોગ કરવો અને પોતાનું જીવન ઊભું કરવું જોઈએ, તે વર્ષો જો રાહ જોવામાં પસાર થાય તો તેની કિંમત માત્ર વ્યક્તિ નથી ચૂકવતી-સમગ્ર અર્થતંત્ર ચૂકવે છે. એટલે જ શિક્ષણ, રોજગાર અને પ્રગતિ વચ્ચેની તૂટેલી કડી જોડવા તરફ નીતિગત ધ્યાન આપવું પડશે. નહીં તો શિક્ષણનાં વર્ષો એક એવા વેઈટીંગ રૂમ જેવાં બની જશે, જ્યાંથી બહાર નીકળવાનો રસ્તો રોજગાર સુધી પહોંચતો જ નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# બંધારણના આમુખમાં સ્વતંત્રતા સમાનતા સાથે બંધુત્વની ભાવના પણ સ્વીકારાયેલી છે

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

**આપણે જાહેર જીવનમાં રાજકીય ચર્ચાઓમાં બંધારણના મૂલ્યો તરીકે સ્વતંત્રતા અને સમાનતાની જેટલી ચર્ચા કરીએ છીએ તેટલી બંધુત્વની ચર્ચા કરતા નથી**

આજે રક્ષાબંધન છે. સ્વતંત્રતા દિવસ હમણાં ગયો. ભારતમાં સ્વતંત્રતાની સાથે સામાજિક નૈતિક બંધનનું પણ મહત્વ છે. કોઈ પણ લડતમાં જેમ સામ-સામા લડનારા હોય છે તેમ લડતમાં સાથ આપનારા સાથીદારો પણ હોય છે. લડત પછી આ સાથીઓને સાથે રાખવા જરૂરી છે. માટે જ સ્વતંત્ર ભારતના બંધારણના આમુખમાં લોકશાહીની આત્મારૂપ અગત્યના માનવમૂલ્યો રજૂ કરાયા છે. જેમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ મુખ્ય ત્રણ છે. ફ્રાંસની રાજ્ય ક્રાંતિ વખતે પણ આ ત્રણ આદર્શો ચર્ચામાં આવ્યા હતા.

આપણે જાહેર જીવનમાં રાજકીય ચર્ચાઓમાં બંધારણના મૂલ્યો તરીકે સ્વતંત્રતા અને સમાનતાની જેટલી ચર્ચા કરીએ છીએ તેટલી બંધુત્વની ચર્ચા કરતા નથી. આજના ખાનગીકરણ અને વ્યાપારીકરણના યુગમાં સંબંધોમાં પણ નફા ખોટ ગણતો થઈ ગયો છે અને જ્ઞાતિ જાતિના ધર્મના સ્વાર્થમાં ઘણી વખત આપણે ભાન ભૂલી જઈએ છીએ ત્યારે બંધુત્વની ભાવના વધુ સબળ બને તે માટે કામ કરવાની, તેની વ્યાપક ચર્ચા કરવાની જરુર છે.

ભારતીય સંસ્કૃતિમાં “વસુદેવ કુટુમ્બકમ”નો વિચાર વેદકાળથી છે આ સમગ્ર વિશ્વને એક કુટુંબ માનો તો તેમાં રહેતા સૌ એક જ પરિવારના સભ્યો જ થયા અને એક બીજા ના ભાઈ બહેન જ થયા.

બંધારણ ની કલમ 51 અ મુજબ નાગરિકોના કર્તવ્યમાં સ્વીકારાયું છે કે દેશના તમામ નાગરીકો ભાષા ધર્મ જાતી ના વાડામાંથી ઉપર ઉઠીને એક બીજા પ્રત્યે પ્રેમ અને સદભાવ રાખે મતલબ કે એક બીજા ના ધર્મ જાતી વ્યવસાય ભાષા નું સન્માન કરે અને એક બીજા ને સુખ દુઃખમાં મદદ રૂપ થાય

ભાતૃત્વ અને પરિવાર ભાવના એ શબ્દો આમતો સરળ છે અને તેનો બહુ સહજતાથી લેખમાં અને પ્રવચનમાં ઉપયોગ થઈ શકે છે પણ તે ખરા અર્થમાં નિભાવવા અઘરા છે આજના ગણતરીના જમનામાં કુટુંબના ,લોહીના સંબંધ વાળા પરિવારજનો આ ભાવના નથી પાળતા તો બીજા ધર્મ ,જાતિના લોકો માટે ક્યાંથી પાળે ?

ભરતમાં વેદકાળમાં આશ્રમ વ્યવસ્થામાં એક નિયમ હતો કે શક્તિ મુજબ કામ કરવું અને જરૂરીયાત મુજબ વપરાશ કરવો. આજ ભાવના આપણી કુટુંબ વ્યવસ્થાના પાયામાં હતી.

જરા ધ્યાનથી જુવો સયુંક્ત કુટુંબમાં વૃદ્ધો અને બાળકો કમાણી કરતા નથી યુવાવર્ગ મહેનત કરે છે કમાણી કરે છે અને સૌનું ગુજરાન ચલાવે છે. આજે જે વૃદ્ધો છે તેમને યુવાન હતા ત્યારે કામ કરેલુ અને આજે જે કામ કરે છે તે યુવાનો તે સમયે બાળકો હતા. હવે આજે જે બાળકો છે તે કાલે યુવાન થશે અને આજના યુવાનો વૃદ્ધ થશે તેમનું પાલન કરશે. આ આદર્શ સતત જળવાય તો જ આ વ્યવસ્થા સુચારુ રૂપે ચાલે આમાં ક્યાય કોઈ નિયમ તોડે તો આખી વ્યવસ્થા હલબલી ઉઠે. બીજું ઉદાહરણ જુવો .ઘરમાં ગાડી, સ્કુટર, ટીવી, પેન, ખોરાક જેવી અનેક વસ્તુઓં કોણ ખરીદે છે તે જોવાતું નથી તે સૌની માલિકીની છે અને સૌ પોતાની જરૂરીયાત મુજબ તેનો ઉપયોગ કરે છે. જ્યારથી ઘરમાં વસ્તુઓની વ્યક્તિગત માલિકી અને વપરાશ નીયંત્રિત થાય છે ત્યારથી ઘરમાં કકળાટ વધે છે. મારું સ્કુટર તારે નહીં અડવાનું, આ ટીવી અમે લાવ્યા છીએ તમારા માટે નથી. આખા ઘરને હું એકલો ઓછો ખવડાવું... આવા વાક્યો વધે અને પરિવાર ભાવના ઘટે બસ આજ રીતે દેશના બ્ન્ધુત્વને પણ સમજો. એક બીજાને મોકલાશું આપો એક બીજાના ગમા અણગમાનો વિચાર કરો સાથે સાથે બીજાને ખાવા મળ્યું? બીજાને સારવાર મળી, બીજાની તક આપણે તો નથી છીનવી લીધીને?

ભાઈ હોવાનો મતલબ છે ભાઈના ક્ષેમ કુશલની ચિંતા કરવી, તેને થયેલો અન્યાય પોતાને થયેલો અન્યાય ગણવો. પરિવારમાં કોઈ અવસાન થાય અને સૌને દુઃખ થાય તેવું જ દુઃખ દેશમાં દુર્ઘટના બને અને નિર્દોષ મૃત્યુ પામે ત્યારે આપણને થવું તે ભાતૃત્વ. આ સંદર્ભે વિચારીએ તો દેશમાં ભાતૃત્વની ભાવના ઘટતી જાય છે. પરિવાર ભાવનાની ઉણપ વર્તાય છે. મારે શું? મને શું મળેની બજારુ વિચારધારા મોટી થતી જાય છે. ગરીબો અને વંચિતોને શિક્ષણ ના મળે, આરોગ્યની સુવિધા ના મળે, ન્યાય ના મળે તો સમાજના ઉચ્ચ મધ્યમ વર્ગનું રુવાડુય ફરકતું નથી. કાશ્મીરથી કન્યાકુમારી, ગુજરાતથી આસામ સુધી ભારત એક છે તેમ કહેવું સહેલું છે પણ તેમાં રહેતા ભારતીઓ એક પરિવારના સભ્યો છે તેવું આપણા જાહેર વર્તનમાં દેખાતું નથી. ઉલટાનું આપણે એક બીજાના બજેટ પડાવી લઈએ છીએ. નોકરીઓ છીનવી લઈએ છીએ. અખબારો ચેનલો ક્યાં રાજ્યના કેટલા મંત્રી બન્યા તેવા સમાચાર અગર સ્થાને છાપે છે તેમાં ભાતૃત્વ ક્યાં મોટું થાય.

ખાનગીકરણ અને વધુ પડતી વેપાર વૃત્તિ એ જાહેર સેવાઓમાં લુંટ ચાલુ કરી છે જાણે ભાઈ જ ભાઈ ને છેતરી રહ્યો છે. આ રાષ્ટ્રના સંસાધનો જ્યારે સૌના હિત માટે વપરાય ત્યારે ખરી ભાતૃત્વની ભાવના વિકસી કહેવાય. આશા રાખીએ આ દિશામાં કાંઈ વિચારાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## શિક્ષકની વહીવટી કામગીરી નો બોજ!

આજના સમયે શિક્ષણક્ષેત્ર સામે અનેક પડકારો છે. તેમાં સૌથી ગંભીર પ્રશ્નોમાંનો એક પ્રશ્ન છે–શિક્ષકનો વધતો બિન-શૈક્ષણિક કામનો બોજ. શિક્ષકનું મુખ્ય કાર્ય વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવાનું, તેમને માર્ગદર્શન ને તેમના વ્યક્તિત્વનું ઘડતર કરવાનું છે. પરંતુ વર્તમાન સમયમાં શિક્ષકોને વિવિધ સરકારી સર્વે, ગણતરી, ઓનલાઈન માહિતી, ફોટોગ્રાફ, ઘર મુલાકાત, અહેવાલો અને અન્ય વહીવટી કામગીરીમાં સતત જોડવામાં આવે છે.સરકારી યોજનાઓ અને વહીવટી કામગીરી જરૂરી છે, પરંતુ પ્રશ્ન એ છે કે આ કામગીરી માટે શિક્ષકને જ વારંવાર કેમ પસંદ કરવામાં આવે? જ્યારે શિક્ષક શાળામાં હોય ત્યારે તેનો સમય મુખ્યત્વે વિદ્યાર્થી માટે હોવો જોઈએ. એક તરફ શિક્ષકને અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો, પરીક્ષાની તૈયારી કરાવવાની, નબળા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું અને વિદ્યાર્થીઓની સમસ્યાઓ સમજવાની જવાબદારી હોય છે; બીજી તરફ તેને સમયમર્યાદામાં વિવિધ ઓનલાઈન વિગતો, ફોટા અને અહેવાલો મોકલવાના હોય છે.આ પરિસ્થિતિનો સૌથી મોટો ભોગ વિદ્યાર્થી બને છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનો સીધો સંવાદ ઓછો થાય છે. શિક્ષક વિદ્યાર્થીને વ્યક્તિગત માર્ગદર્શન આપી શકતો નથી. પાઠની તૈયારી, સર્જનાત્મક શિક્ષણ અને વિદ્યાર્થીની શૈક્ષણિક મુશ્કેલીઓ પર ધ્યાન આપવાનો સમય ઘટે છે.

શિક્ષકોને બિન-શૈક્ષણિક કામગીરીમાંથી શક્ય તેટલા મુક્ત કરવામાં આવે, જરૂરી કામગીરીનું પ્રમાણ ઘટાડવામાં આવે અને શિક્ષકનો મહત્તમ સમય વિદ્યાર્થી, વર્ગખંડ અને શિક્ષણ માટે ઉપલબ્ધ રહે તેવું આયોજન કરવામાં આવે. શિક્ષકને વહીવટમાં નહીં, વર્ગખંડમાં વધુ સમય આપીએ–તો જ શિક્ષણની ગુણવત્તા અને વિદ્યાર્થીનું ભવિષ્ય બંને વધુ મજબૂત બનશે આ મુદ્દે ચિંતા અને ચિંતન કોણ કરશે ! ?

**બામણીયા - મુકેશ મહેતા**

## અસલી ફક્ત કાગળ પર જમાનો નકલી

અસલી ફક્ત કાગળ પર પણ જમાનો નકલીનો નકલી દવા-નકલી દારુ નકલી ખાદ્ય પદાર્થ અને તે પણ પનીર-દૂધ, બટર, ઘી-તેલ-મસાલા દરેક વસ્તુ નાનાં બાળકો આરોગે છે તેમજ મિલાવટ સિસ્ટમ ખાડે ગઈ છે, કોઈ ડીપાર્ટમેન્ટ પર કંટ્રોલ નથી.

માણસના સ્વાસ્થ્ય સાથે ચેડાં ન સાંખી લેવાય. મસાલા કલરવાળા, દૂધમાં સ્ટાર્ચ અને યુરિયા વપરાય છે અને હાર્ટની દવા નકલી સાબિત થાય તો માણસ પર શું અસર થાય, આટલી બધી બેદરકારી ને ફુડ અને ડ્રગ્સ ડીપાર્ટમેન્ટ શું કરે છે. કોઈ જવાબદારી ખરી કે નહીં. આપણે ત્યાં કેટલીક વસ્તુ એવી છે કે જેના પર એક્સપાયરી ડેટ નથી લખી હોતી એવા ખાદ્ય પદાર્થને મંજૂરી કઈ રીતે મળે છે. ફક્ત સુરતમાં ખાઉધરા ગલીમાં જે વસ્તુ મળે છે તેમાં ખાવાનું બનાવવા કેવું પાણી કેવું પનીર કેવું તેલ વાપરે છે તે સુરતને 50% લોકો લારી પરના ખાદ્ય પદાર્થ ખાય છે, તેના પર કંટ્રોલ લાવો. બેજવાબદારી ન સાંખી લેવાય. સ્વાસ્થ્ય સાથે ચેડાં થાય છે.

**સુરત - તુષાર શાહ**

## પરિવર્તનનો પવન

વાતાવરણમાં જો વાવાઝોડું ત્રાટકે તો ભારે ખાનાખરાબી અને વિનાશ સર્જે છે. તેવી જ રીતે જો મતદારો જાગૃત થાય અને વિફરે તો સત્તા પર બેઠેલા મહારથીઓને હચમચાવી દે છે અને આખી સત્તાધારી પેનલનાં સૂપડાં સાફ કરીને ઘરભેગાં કરી દે છે. તેવો બનાવ હાલમાં બની ગયો છે. એશિયાની સૌથી મોટી સુગર મિલ ગણાતી બારડોલી સુગરની ચૂંટણી સંપન્ન થઈ, જેમાં ધારાસભ્ય ઈશ્વર પરમાર અને કાર્યકારી પ્રમુખ ભાવેશ પટેલની સહકાર પેનલનો કારમો પરાજય થયો. ૧૪ બેઠકો પર કિસાન પરિવર્તન પેનલના ઉમેદવારો ચૂંટાઈ આવ્યા. (સહકાર પેનલના એક ઉમેદવાર અનિલ કરચકા બિનહરીફ થયા હતા.) સરદાર પટેલની કર્મભૂમિ ગણાતા બારડોલીની ભૂમિ પર અપ્સેટ સર્જાયો, તે કાંઈ નાની-સૂની વાત નથી. કોઈ પણ મોટા માથાને સાથે લીધા વિના પરિવર્તન પેનલે જે ડોર ટુ ડોર, એવો પ્રચાર કર્યો કે સભાસદોમાં જાગૃતિ આવી અને પરિવર્તનનો પવન ફૂંકાયો, જેમાં સહકાર પેનલનાં સૂપડાં સાફ થઈ ગયાં. ૧૦ વર્ષોથી સહકાર પેનલના વહીવટથી સભાસદો ત્રાસી ગયા હતા, જેનો જવાબ ચૂંટણીમાં મળી ગયો. સૌથી મોટી વાત એ છે કે પૂર્વ કેબિનેટ મંત્રી અને હાલના ધારાસભ્ય ઈશ્વર પરમારને તરુણ વાઘેલા(કડોદ) એ ભારે પરાજય આપ્યો અને “જાયન્ટ કિલર” સાબિત થયા છે. બારડોલીની સુગરના પરિણામના તીવ્ર-પ્રત્યાઘાતો અન્ય સુગરની ચૂંટણીમાં પણ પડશે. જો કે કામરેજ સુગરની ચૂંટણીમાં વર્તમાન ચેરમેન અશ્વિન પટેલની સહકાર પેનલ મેદાન મારી ગઈ, કિસાન પરિવર્તન પેનલને બે બેઠકો મળી છે. કામરેજ સુગરમાં પરિવર્તનના બદલે પુનરાવર્તન થયું.

**તરસાડા - પ્રવીણસિંહ મહીડા**

## મનની બીમારી - જે દેખાતી નથી!

હાથ ભાંગે તો ડૉક્ટર, મન ભાંગે તો ચાલશે - આ જ ભૂલ છે! WHO કહે છે દર 8માંથી 1 વ્યક્તિ માનસિક તકલીફમાં છે. ભારતમાં તણાવ 90% લોકોમાં છે! મુખ્ય તકલીફોઃ ૧. ડિપ્રેશનઃસતત ઉદાસી, કશામાં રસ નહીં! ૨. એન્ક્ઝાઈટીઃ નાની વાતમાં વધુ વિચારવું, ધબકારા વધવા! ૩. બાયપોલરઃ ક્યારેક વધુ પડતો ઉત્સાહ, ક્યારેક એકદમ શાંત - લોકો એને હાઈપર કહે! ૪. OCDઃ વારંવાર હાથ ધોવા, તાળું / નળ / લાઈટ વગેરે ચેક કરવું.! ૫. બર્નઆઉટઃ સતત કામથી થાકીને ચિડિયો થઈ જવું, કિન્તુ, એક પ્રકારની માનસિક બીમારી છે, માટે શરમ ન રાખો! ખેર, 2 અઠવાડિયાથી વધુ લક્ષણ રહે તો કો’ક જાણીતા મનોચિકિત્સકને મળો!

**સુરત - સુનીલ બર્મન**

## રાષ્ટ્રીય સ્વતંત્રતા સાથે સમાધાન નહીં

ભારતનું ISRO માત્ર એક સરકારી સંસ્થા નથી–તે ભારતની વૈજ્ઞાનિક ક્ષમતા, આત્મનિર્ભરતા અને વિશ્વમાં દેશની ઓળખનું પ્રતિક છે. તેથી સ્પેસ સેક્ટરમાં ખાનગી કંપનીઓની વધતી ભાગીદારીને માત્ર વિકાસના નામે સ્વીકારી લેવાને બદલે તેની દિશા, પારદર્શિતા અને લાંબા ગાળાની અસર અંગે સવાલો પૂછવા જરૂરી છે.

ખાનગી ક્ષેત્રને સ્પેસ સેક્ટરમાં તક આપવી ખોટી નથી. હકીકતમાં નવી ટેક્નોલોજી, રોકાણ, સ્ટાર્ટઅપ્સ અને રોજગાર માટે ખાનગી કંપનીઓની ભૂમિકા મહત્વપૂર્ણ બની શકે છે. IN-SPACe અને NSIL જેવી વ્યવસ્થાઓ દ્વારા ખાનગી ક્ષેત્રને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ પણ થઈ રહ્યો છે. પરંતુ પ્રશ્ન એ છે કે ખાનગી ક્ષેત્રને આગળ લાવતાં ISROની પોતાની મૂળભૂત ક્ષમતાઓ ક્યાં સુધી જાળવવામાં આવશે?

જો ભારતની સૌથી અનુભવી સ્પેસ એજન્સી ધીમે ધીમે લોન્ચ વ્હીકલના વિકાસ અને ઉત્પાદન જેવી મહત્વપૂર્ણ ક્ષમતાઓથી દૂર થાય, તો ભવિષ્યમાં દેશની ટેક્નોલોજીકલ સ્વતંત્રતા અને વ્યૂહાત્મક આત્મનિર્ભરતા પર અસર થવાની શક્યતા અંગે ચર્ચા થવી જ જોઈએ.

સૌથી મોટો પ્રશ્ન બજેટ અને પ્રાથમિકતાઓનો છે. જો ISRO દેશને વ્યૂહાત્મક, વૈજ્ઞાનિક અને આર્થિક લાભ આપી શકે છે, તો તેની સંશોધન, માનવસંસાધન, લોન્ચ સિસ્ટમ અને અદ્યતન ટેક્નોલોજી માટે પૂરતું અને સ્થિર ભંડોળ કેમ ન હોવું જોઈએ?આ મુદ્દો કોઈ પક્ષના સમર્થન કે વિરોધનો નથી. આ દેશની આવનારી પેઢીઓના ભવિષ્યનો પ્રશ્ન છે.ખાનગી ક્ષેત્રનો વિકાસ દેશ માટે જરૂરી છે, પરંતુ રાષ્ટ્રીય સંસ્થાની કિંમત ચૂકવીને નહીં.

**સુરત - આશિષ ટેલર**